Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# श्री जैनधर्मप्रकाश.

## JAINA DHARMA PRAKASHA.

દોહરો.

જિનમતરસ રસનાથકી, પાનકરો પ્રતિભાસ;
રસિકજનો રસમગ્ન થૈ, વાંચો જૈનપ્રકાશ.

પુસ્તક ૯મું. શક ૧૮૧૫ પોષ શુદિ ૧૫ સંવત ૧૯૫૦ અંક ૧૦ મો.


# धर्मनी आश्यवकता.

### હરિગીત.

શાસ્ત્રી મહોપાધ્યાય કવિવર પંડિતો પદ ધારતા,
વ્યાકરણ તર્ક વિવાદમાં બહુ કેશરી સમ ગાજતા;
જેના સદા શુભ ચિત્તમાં નિત નવલ ગ્રંથ ચણાય છે,
જાણ્યો ન જો નિજધર્મ તો તે સર્વ વ્યર્થ ગણાય છે. ૧
વિદ્યા વધારી વેગથી વિદ્વાન નામ ધરાવિયું,
બીજો એલેલ્બી ગ્રૅજ્યુએટ તણું મહાપદ ધારિયું;
વક્તા વકિલ બૅરીષ્ટરો થૈ માન સાંદી તણાય છે.
જાણ્યો ન જો નિજધર્મ તો તે સર્વ વ્યર્થ ગણાય છે. ૨
ધનવંત થૈ ધરણી વિષે ભુવનેશ પદવી ધારતા,
મણિ રત્ન હીરા હાર પ્હેરી શહુવિહાર વિહારતા;
સુંદર ધરી શૃંગાર જે શૃંગાર રૂપ જણાય છે,
જાણ્યો ન જો નિજધર્મ તો તે સર્વ વ્યર્થ ગણાય છે. ૩
રંગીલા સુરાંગન મહેલમાં જે રંગથી રળીઆમણા,
આવાસ સુંદર ચિત્રથી મન ચિત્તહારી છે ઘણા;

For Private And Personal Use Only

જ્યાં શોખથી શુભ ગોખમાં બેસી હમેશ ગવાય છે,
જાણ્યો ન જો નિજધર્મ તો તે સર્વ વ્યર્થ ગણાય છે. ૪
ગમતી માનિની મનમોહની મૃગલોચની ગુણ ધારિણી,
પરિપૂર્ણ ચંદ્ર ચકોર ચેષ્ટિત કારિણી દુઃખ હારિણી;
રસ મગ્ન થૈ શૃંગાર તંતુ સાથ બાંધી તણાય છે,
જાણ્યો ન જો નિજધર્મ તો તે સર્વ વ્યર્થ ગણાય છે. ૫
બહુ પુત્રને વળિ પૌત્રનો પરિવાર પામી વાધતા,
ગૃહ દીપતુ કુલ દીપિકા કન્યાવડે સુખ સાધતા;
પ્રતિ વર્ષ મંગળ ગીત મંગળ વાદ્ય સાથ ભણાય છે,
જાણ્યો ન જો નિજધર્મ તો તે સર્વ વ્યર્થ ગણાય છે. ૬
અધિકાર પામી રાજ્યનો ઘણું રાજ્ય માન પમાય છે,
બોલાવતાં જીજી કહી બહુ ભૃત્ય હાજર થાય છે;
હુકમ થતાં તે વાર સત્વર કામ પૂર્ણ જણાય છે,
જાણ્યો ન જો નિજધર્મ તો તે સર્વ વ્યર્થ ગણાય છે. ૭
જાણી ન વિદ્યા જો કદી સંપૂર્ણ લક્ષ્મી તો જડી,
રહેવા મળ્યો નહિ મહેલ સુંદર સુંદરી નહિ સાંપડી;
પરિવારને અધિકાર જો કદિ દૂર દેખી જાય છે,
નગદ કહે જો ધર્મ જાણ્યો સર્વ સાર્થક થાય છે. ૮

# द्रौपदी.

અનુસંધાન પૃષ્ટ ૧૫૨ થી.

એકદા પ્રસ્તાવે સુકુમાલિકા સાધ્વી ગોપાલિકા આર્યા પાસે આવી નમસ્કાર કરીને પુછવા લાગી કે—'હે આર્યે! તમે આજ્ઞા આપો તો હું ચંપાનગરીની બહાર સુભૂમિ ભાગ ઉદ્યાન વનખંડને વિષે, ઘણી વેગળી નહીં અને ઘણી નજીક નહીં એવી જગ્યાએ અંતર રહિત છઠ્ઠ છઠ્ઠનો તપ કરતી સૂર્યની સન્મુખ આતાપના કરવામાં પ્રવર્તુ.' તે વારે ગોપાલિકા આર્યાએ એવી શિખામણ આપી કે—આપણે સાધ્વીઓ—નિગ્રંથિની છીએ, ઇર્યાસમિતિ આદિ પંચ સમિતિને ધારણ કરનારી છીએ અને બ્રહ્મવ્રતને પાળનારી છીએ. જૈન મતમાં દીક્ષા લીધા પછી સાધ્વીને ગામની બહાર—સન્નિવેશની બહાર રહેવું કલ્પે નહીં, અંતર રહિત બે બે ઉપવાસ કરતાં

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છતાં પણ એકલા વિચરવા ભણી પ્રવર્તવું કલ્પે નહીં, પરંતુ ઉપાશ્રયના મધ્ય ભાગમાં રહેવું કલ્પે. ત્યાં સંઘાડા બદ્ધ થઇને એટલે ઘણી સાધ્વીઓના સમૂહમાં રહી સમતલ અને પગ ભૂમિને વિષે સ્થાપન કરી આતાપના કરવી કલ્પે પણ અન્યથા કલ્પે નહીં.' આર્યાની એ શિખામણ સુકુમાલિકાને ગમી નહીં. ગુરૂણીજીના વચન ઉપર શ્રદ્ધા આણી નહીં–પ્રતીત ધરી નહીં અને તેમની આજ્ઞા નહીં છતાં ચંપાનગરીની બહાર સુભૂમિ ભાગ ઉદ્યાન વનખંડને વિષે અંતર રહિત છઠ્ઠ છઠ્ઠનો તપ કરતી, સૂર્ય સન્મુખ આતાપના લેતી રહેવા લાગી. એ સમયે ચંપાનગરીને વિષે નાના પ્રકારની ક્રીડા અને વિનોદ કરનારી લલિતગોષ્ટી નામે કેટલાક પુરૂષની ટોળી હતી. તેઓને રાજાએ ક્રીડા કરવાની આજ્ઞા આપેલી હતી, માતા પિતા વિગેરે વડિલોની લજ્જા તેઓએ છોડી દીધેલી હતી, વેશ્યાનાં ઘરને વિષે તેઓનો નિવાસ હતો અને ઘણા પ્રકારના અવિનય અને અધર્મ તેઓએ અંગીકાર કર્યા હતા. તેઓની પાસે દોલત પણ પુષ્કળ હતી તેથી તેઓનો કોઇ પરાભવ કરી શકતું નહોતું. તે ચંપાનગરીમાં એક દેવદત્તા નામની અત્યંત સુકુમાલ–મનોહર–રૂપવતી–યૌવનવતી ગણિકા રહેતી હતી. એક દિવસ લલિતગોષ્ટી માંહેના પાંચ પુરૂષ તે દેવદત્તા ગણિકાને લઇને સુભૂમિભાગ ઉદ્યાનમાં આવ્યા. અને ત્યાં તેની સાથે નાના પ્રકારના ભોગનો અનુભવ કરવા લાગ્યા. એક પુરૂષે ગણિકાને ખોળામાં બેસારી, એક તેના મસ્તક ઉપર છત્ર ધર્યું, એક તેના મસ્તકને વિષે પુષ્પનો શેખર રચવા લાગ્યો, એક તેણીના બંને પગ અલતાથી રંગવા લાગ્યો અને એક તેણીની ઉપર ચામર વીંઝવા લાગ્યો. એમ નાના પ્રકારની ક્રીડા કરે છે. એ પ્રકારે તેઓને ક્રીડા કરતા–મનુષ્ય સંબંધી નાના પ્રકારના સુખ ભોગ ભોગવતા સુકુમાલિકા સાધ્વી જે ત્યાં નજીકજ હતી તેણે જોયા. જોવાથી તેણીના મનમાં નાના પ્રકારના સંકલ્પ વિકલ્પ ઉપજ્યા કે–અહો! આ સ્ત્રીએ પૂર્વ ભવે ઘણા પુણ્ય કર્મ કર્યા હશે જેથી આવી રીતે તેનું ફળ ભોગવે છે. મેં કાંઈ પુણ્ય કીધું નહીં હોય જેથી મારે આવા સુખ ભોગવવાનો વખત આવ્યો નહીં. હવે જો આ ચારિત્ર–તપ–નિયમ–બ્રહ્મચર્યનો કલ્યાણકારી ફળ નિવૃત્તિ વિશેષ હોય તો આવતે ભવે જ્યાં અવતરૂં ત્યાં આ ગણિકાની જેમ મનુષ્ય સંબંધી પુણ્યવંતને ભોગવવા યોગ્ય ભોગ ભોગવું. એવી રીતે ત્યાં નિયાણું કર્યું. પછી આતાપના કરવાની ભૂમિથી ચાલીને ઉપાશ્રયે આવી.

તે વાર પછી સુકુમાલિકા સાધ્વી શરીરની વિભૂષા કરનારી થઇ. વારંવાર હાથ ધોવે, વારંવાર પગ ધોવે, વારંવાર સ્તન, કક્ષા અને યોનિના

For Private And Personal Use Only

અંતર ધોવે અથવા જ્યાં કાયોત્સર્ગ કરવા બેસવું હોય અથવા સંથારો કરવો હોય ત્યાં પ્રથમ પાણી છાંટી પછી તે જગ્યાએ તેને ક્રિયાઓ કરે. એના એવા આચરણ જોઇ ગોપાલિકા આર્યાએ શિખામણ દીધી કે-પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ અને બ્રહ્મચર્ય વ્રતને ધારણ કરનારી-જૈન મતની સાધ્વીને દીક્ષા લીધા પછી શરીરની વિભૂષા-શુશ્રૂષા કરવી કલ્પે નહીં. તું એ પ્રમાણે કરે છે એ અઘટિત છે માટે હે દેવાનુપ્રિયે! તું ગુરૂ મહારાજની પાસે આલોચના-પશ્ચાત્તાપ કર, તારા તે કાર્યને નિંદવી-મિથ્યા દુષ્કૃત આપ અને હવે એવા કાર્યનો નિષેધ; એટલુંજ નહીં પણ ગુરૂ જે પ્રાયશ્ચિત્ત આપે તે કરી શુદ્ધ થા. આર્યાએ સાધુના આચાર કહી બતાવી શિખામણ દીધા પણ સુકુમાલિકાએ તે શિખામણ માની નહીં, તેની ઉપર શ્રદ્ધા ધારણ કરી નહીં અને ગુરૂણીજીનું વચન ઉલ્લંઘન કરી યથેચ્છ કાર્ય કરવા લાગી. આ ઉપરથી બીજી સાધ્વીઓ તેની હેલના કરવા લાગી અને વારંવાર તેના તે અકાર્યને માટે ઉપાલંભ આપવા લાગી. સુકુમાલિકા તે ઉપરથી સમજણ ઉપર આવવાને બદલે ખોટા વિકલ્પ કરવા લાગી કે હું જ્યારે ઘરમાં હતી ત્યારે સ્વતંત્ર હતી અને દીક્ષા લીધા પછી પરવશ થઈ છું; પ્રથમ સર્વ સાધ્વીઓ મને મોટી માનતી-આદર આપતી અને હવે તેઓ મારો તિરસ્કાર કરે છે; માટે પ્રાતઃકાળે સૂર્યોદય થયા પછી હું જુદા ઉપાશ્રયમાં જઇને રહીશ. એમ વિચારી પ્રાતઃકાળે સૂર્યોદય થયા પછી ગોપાલિકા આર્યાથી વિરક્ત થઇ-જૂદા ઉપાશ્રયમાં જઇને નિવાસ કર્યો. ત્યાં કોઈ કહેનાર-વારનાર નહીં હોવાથી પોતાની ઇચ્છા પ્રમાણે વર્તવા લાગી અને વારંવાર હાથ પગ વિગેરે ધોઈ શરીરની શુશ્રૂષા કરવા લાગી. વળી ઘણા કાળ સુધી એક સ્થાનકે રહેવું, ક્રિયા અનુષ્ઠાનને છોડી દેવા, પ્રતિક્રમણ-સ્વાધ્યાય-પ્રતિલેખન-પ્રમાર્જનાને વિષે આળસુ થવું, કાળ વિનયાદિ ભેદ ભિન્ન જ્ઞાનદર્શન ચારિત્રના આચારની વિરાધના કરતા વિચરવું, વિગેરે પાસત્થાની ક્રિયા કરવા લાગી. કોઇ વારે પાસત્થા પણાના દોષથી ઋદ્ધિગારવ રસગારવ અને સાતાગારવને ઉપજાવતી વિચરવા લાગી. ઘણા વરસ સુધી ચારિત્રપર્યાય પાળી, પ્રાંતે અર્દ્ધ માસની સંલેખના કરી-ને નિયાણા પ્રમુખ સર્વ ક્રિયાઓ અણઆલોચી-અપ્રતિક્રમી-અનાચારથી નહીં નિવૃત્ત થયેલી કાળ કરી ઇશાન દેવલોકે દેવતાની અપરિગ્રહીતા દેવીપણે એટલે ગણિકાપણે ઉત્પન્ન થઇ. ત્યાં કેટલીક દેવીઓની નવપલ્યોપમની આયુસ્થિતિ કહી છે તે પ્રમાણે સુકુમાલિકા દેવીની પણ નવપલ્યોપમની આયુસ્થિતિ થઇ.

અપૂર્ણ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# स्त्री केळवणी.

( સાંધણ પૃષ્ટ ૧૦૩ થી )

સ્ત્રીઓની પહેલી અવસ્થા તે પુત્રી રૂપ અવસ્થા છે. તે અવસ્થામાં તેને કેળવણી લેવાની-વિદ્યા ભણવાની ખરેખરી જરૂરીયાત છે; કારણ કે બાલ્યાવસ્થા વીત્યા પછી જે અવસ્થા પ્રાપ્ત થવાની છે તે અવસ્થા સુખ રૂપ ગુજરે તેવા સાધનો વિદ્યા ભણ્યા વિના પ્રાપ્ત થતા નથી. વિદ્યા બુદ્ધિ ખીલાવે છે અને તેથીજ બાળકીઓ સમજુ અને વિચારવાન્ થાય છે. ડહાપણ, સદ્‌ગુણ, વિવેક, વિચાર, ખરૂં ખોટું સમજવાની બુદ્ધિ એ સર્વે વિદ્યાથીજ પ્રાપ્ત થાય છે. ક્લેશ કંકાસને નાશ કરનાર હેત પ્રીતિને વધારનાર અને સર્વની સાથે યોગ્ય રીતે વર્તવાનું શિખનાર વિદ્યાજ છે. વિદ્યાથી જ્ઞાન અને જ્ઞાનથી મોક્ષ પ્રાપ્ત થાય છે. છોકરીઓને વિદ્યા ભણાવવી તે કાંઇ નોકરી કરાવવા માટે અથવા ગુજરાન ચલાવવાને વ્યાપાર કરવાને માટે નથી પરંતુ તેઓને ઉંચા પ્રકારની સમજ શક્તિ પ્રાપ્ત કરાવવાને છે, જેથી તેઓ ઘર કામની આવડ, રસોઇ કરવાની રીત, ભરત શીવણ, ખર્ચ ખુટણ ચલાવવાની કુશળતા, પત્ની તરીકેની પોતાની ફરજ, નમ્રતા, સભ્યતા, નીતિ, જ્ઞાન વિગેરે સહેલાઇથી પ્રાપ્ત કરી શકે છે; એટલુંજ નહી પણ વિદ્યા ભણવાથી ધર્મજ્ઞાન પણ સહેલાઇથી મેળવી શકે છે અને તેથી દેવ દર્શન, પ્રભુ સ્તુતિ, પ્રતિક્રમણ વિગેરે નિત્ય કર્મ સારી રીતે કરી શકે. અદબથી બેસવું, મર્યાદાથી બોલવું, થોડુને ધીમે બોલવું, ખડખડ ન હસતાં કારણે મંદ હાસ્ય કરવું, સૌની ઉપર દયા ભાવ બતાવવો, માતાને ઘર કામમાં મદદ કરવી વિગેરે બાબતો ભણેલી છોડીઓ સારી રીતે કરી શકે છે. તેઓ ચોપડીઓ, સ્લેટ, પેનસીલ વગેરેને પોતાના રમકડાં ગણે છે અને પોતાનો ઘણો વખત તે રમકડાંની સાથે, અથવા ભણેલી-ભણનારી છોડીઓની સાથે ડાહી ડાહી વાતો કરવામાં કે શિખામણની કવિતાઓ ગાવામાં ગુજારે છે. વિદ્યા ભણ્યા વિનાની, વિદ્યા ઉપર પ્રીતિ વિનાની અથવા વિદ્યા ભણવા નહીં જનારી છોડીઓ ઉઘાડે શરીર શેરીઓમાં-ધુળમાં ઢીંગલા ઢીંગલીની રમતો રમે છે, પાંચ સાત છોડીઓ ટોળે મળી કુદે છે, નકામા ગાળા ગેલા કરે છે, દેહા કુટે છે, બે અદબી રાસડાઓ ગાય છે નઠારાં ગીતો ગાતાં શીખે છે અને એવી નાહાની બારેલી રમતોમાં સઘળો વખત ગુજારે છે. કેટલુંએક ઘર કામ શીખે છે તે પણ રીતસર ન હોવાથી તેના કરેલા કામોમાં ભલીવાર હોતો નથી. ખરેખરી રીતે જોતાં ભ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ણા વિનાની છોડીઓનો વખત નકામો જાય છે અને જે રીતે હાલમાં તેઓ રમે છે અને પોતાની બાલ્યાવસ્થા ગુજારે છે તે રીતથી તેઓના મન ઉપર કેટલી ખરાબ અસર થાય છે. ઘરના અને પારકા માણસો સાથે વઢતાં, વેધ વગરો પાડતાં અને નકામા બેસી રહેતાં શીખે છે અને એ સઘળા દુર્ગુણો મ્હોટી ઉંમરે દુઃખ રૂપ થઇ પડે છે. ઘરે કોઈ પરોણા અથવા પરાયા માણસ આવે તો તેની સાથે કેવી સભ્યતાથી વર્તવું અથવા કેવી નમ્ર રીતે બોલવું તે સંબંધી અજાણ છોકરીઓને બીલકુલ ખબર પડતી નથી પણ ક્યાંતો અજાણ્યા માણસ પાસે બોલ્યા ચાલ્યા વગર મુંગી બેસી રહે છે અથવા તેઓ દેખતાં તોફાન કજીયા કંકાસ કરી ઘરનો બાગર બોલે છે. બાળપણામાં એવી જીંદગી ગુજારતા કેટલીક કુટેવો પડી જાય છે અને આગળ જાતા તે કુટેવો વધીને વ્યવહારમાં નિંદા થાય તેવા કાર્યો કરાવે છે. મ્હોટી ઉંમરે નિર્લજ્જ ફટાણા ગાવામાં ઘણી સ્ત્રીઓની બહુ ઉત્સુકતા દેખાય છે તે આવી કુટેવોના ફળ સમજવા. માટે પુત્રી રૂપ અવસ્થામાં જો વિદ્યા ભણાવવામાં આવે અને તેનો વખત તેમાંજ રોકવામાં આવે તોજ તેની તે અવસ્થા લાયક રીતે ગુજરી ગણાય. લખતાં-વાંચતાં શીખવું એનું નામ ભણ્યું અથવા કેળવણી લીધી ન કહેવાય પરંતુ નિશાળની રીતે લખવા વાંચવાનું જ્ઞાન મેળવી જે ખરૂં ભણતર ભણવું જોઇએ એટલે નીતિવાન થવું જોઇએ તે પ્રાપ્ત થાય તોજ કેળવણી લીધી કહેવાય, તેમ થાય તોજ રીતભાત સુધરે, મન શક્તિ વધે, સુઘડતા આવે, આવડત વધે અને સઘળા કામો સહેલાઇથી કરવાની ટેવ પડે. ધર્મજ્ઞાન પણ એ રસ્તેજ પ્રાપ્ત થાય છે. વિદ્યામાં પ્રવેશ કર્યા વિના ધર્મજ્ઞાનની કાંઇ સમજણ પડતી નથી અને તેથી દેહેરે ઉપાશ્રયે કદાચ જાય તોપણ ત્યાં કેવી રીતે વિનય સાચવવો. કેવી રીતે વંદન કરવું કેવી રીતે સ્તુતિ કરવી, કેવી રીતે ક્રિયા કરવી તે કાંઇ આવડતું નથી. ઘરે મુનિમહારાજ વહોરવા આવ્યા હોય તો તેમને કેવી રીતે વહોરાવવું, તેમનો કેવી રીતે વિનય સાચવવો અથવા મુનિમહારાજને આહાર આપવાથી શું લાભ છે તે વિષે અજાણ છોડીઓને કાંઇ ખબર હોતી નથી. વિદ્યા પ્રાપ્ત કરી હોય તેને એ સર્વ વાતો સુગમ છે. વળી લાયક ઉંમર થયે સાસરે જવાનું થાય છે. તો ત્યાં જઇ પોતાને શું કરવાનું છે, પીયર અને સાસરામાં તથા દીકરી અને વહુપણામાં કેટલો ફેર છે, મા બાપ અને સાસુ સસરામાં કેટલો અંતર છે, સ્વામી પ્રત્યેનો પોતાનો શું ધર્મ છે એ સર્વ બાબતોની કેળવણી લીધા વિના જરા પણ સમજ આવતી નથી. વડિલ અને પતિની આજ્ઞા નહીં માનનારી કેટલીએક સ્ત્રીઓ જોવામાં આવે છે તે સર્વ પુત્રી રૂપ અવસ્થામાં કેળવણી ન લીધાના તથા ખોટી રમત ગમતમાં વખત ગુમાવ્યાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રૂપ છે. કોઇ કહેશે કે છોકરીઓ બાળપણથી ભણવામાંજ વખત કાઢેતો રાંધવું, સીવવું, ઝાટકવું, ઘર સાફ સુફ રાખવું, રસોઇ કરવી એ વિગેરે કામો ક્યારે શીખે તો તેના ઉત્તરમાં એટલુંજ કહેવાનું છે કે ભણવામાં કાંઇ સઘળો વખત જતો નથી અને તેથી બાકીના વખતમાં તે સર્વ કામ ખુશીથી શીખી શકાય છે. એટલુંજ નહી પણ ભણેલી છોકરી તેવા કામો સહેલાઇથી થોડા વખતમાં શીખી શકે છે અને કરી પણ શકે છે કારણ કે અભણ અને રઝળનારી છોકરીઓ બે દરકારીથી કામ કરે છે અને ભણેલી ઉદ્યોગ અને ખંતથી કરે છે. માટે કેળવણી લીધા વિના—વિદ્યા ભણ્યા વિના પુત્રી રૂપ અવસ્થામાં જે કર્તવ્ય છે, જે ભણવાનું છે, જે સમજવાનું છે તેમાંથી કાંઈ પણ બનતું નથી અને પાછલી અવસ્થામાં ઘરસંસાર ચલાવવો તેમાં તથા ધર્મધ્યાન અને આત્મસાધન કરવામાં પૂરેપૂરી ખામી આવે છે તેથી પુત્રી રૂપ અવસ્થામાં વિદ્યા ભણવાની અને જુદા જુદા પ્રકારની કેળવણી લેવાની મુખ્ય ફરજ છે અને તે ફરજ બજાવ્યાથીજ બાળાઓનો સંસાર સુખ રૂપ થશે, તેઓને આત્મસાધન સારી રીતે થશે અને તેઓ પરભવે સદ્દગતિ પામશે. (અપૂર્ણ.)

## શ્રી મહાવીર સ્વામિના જન્મોચ્છવને સમયે શ્રીફળ વધેરવાના સંબંધમાં મુનિરાજ મહારાજ શ્રી આત્મારામજીએ લખેલો પત્ર.

"તમારો પત્ર રજીષ્ટર કરેલો વદ ૩ જે પહોચ્યો હતો વાંચી સમાચાર જાણ્યા હતા ત્યારબાદ વદિ ૪ ને દિવશે એક કાર્ડ તમારૂં લખેલું પહોચ્યું છે તેથી પણ સમાચાર જાણ્યા છે. તમોએ અમારી સંમતિ મંગાવી છે તો તે અમે લખી મોકલીએ છીએ.

મહાવીર સ્વામીના જન્મ દિવસે નાળીએર ફોડવાનો રીવાજ જે ઘણા શેહેરોમાં પ્રાયઃ સર્વત્ર પ્રચલિત છે તે ક્યારથી શરૂ થયો છે તે અમો કહી શકતા નથી. તેમજ તે વાત શાસ્ત્રમાં કોઇ ઠેકાણે વાંચવામાં આવી નથી તેથી એમ પણ નથી કહી શકતા કે એ જરૂર જોઇએ. તથા એમ પણ નથી કહી શકતા કે એ કેવળ અંધ પરંપરા છે. કારણકે અમોને એવું કોઇ પ્રબળ જ્ઞાન નથી. અમારા વિચાર મુજબ તો એ રીવાજ ચાલે છે તે કેવળ ખુશાલી માનવા વાસ્તે માલુમ પડે છે.

હવે એ રિવાજ બંધ કરવો અમારે આધિન નથી તેમ અમે એ રીવાજ બંધ કરવાનો ખાતી હોઇને ઉપદેશ પણ કરી શકતા નથી કારણ

For Private And Personal Use Only

કે જે રીવાજ પ્રાયઃ સર્વત્ર ફેલાયલો છે તે કાંઈ પાંચ પચવીશ વર્ષનો તો હોયજ નહીં, અને જ્યારે જુનો રીવાજ છે ત્યારે શું આગમ કરતાં વધારે ડહાપણવાળા જાણકાળ આગળ કોઈ નથી થઈ ગયા? કે જેમણે એ વાતનો અટકાવ ન કર્યો. વળી કદી તમે અને અમે અટકાવવા ધારીએ તો પણ સર્વત્ર અટકે તેવો અમોને નિશ્ચય થતો નથી તો એક નાની સરખી વાતને માટે સંઘમાં ભેદ કરાવવો તે અમો ઠીક સમજતા નથી. તેમ જે લોકો પર્યુષણમાં લીલોતરી ખાય છે તેને તો નાળીયેરનો શો બાધ આવે છે? અને જેઓને લીલોતરીનો ત્યાગ હોય છે તેમને તો નાળીયેરનું પણ અંગીકાર કરવાપણું નથી તેથી તેઓ તો પ્રાયઃ ફોડતા પણ નહીં હોય. વળી જો કે લીલોતરીનો બાધ કાઢીએ તો કેટલાએકનું કહેવું એમ થાય છે કે અમે તો સુકું નાળીયેર વધેરીએ છીએ. લીલું વધેરતા નથી. અને એકેંદ્રી જીવની હિંસા થાય છે એમ કહીએ છીએ તો કેટલાએકનું કહેવું એમ થાય છે કે અમે રસોઈ કરીએ છીએ તેમાં તથા ખાવું પીવું વિગેરે જે કામ કરીએ છીએ તેમાં સર્વત્ર એકેંદ્રીની હિંસા થાય છે તો ભગવાનના જન્મની ખુશાલીમાં અમને શી અડચણ આવી પડે છે? કે અમે ન કરીએ. આવી હકીકત હોવાથી એ રીવાજ સર્વત્ર બંધ થવો મુશ્કેલ લાગે છે પરંતુ એક રસ્તો છે કે જો બંધ કરવાનું વાસ્તવીક જણાય અને મુંબઈ, સુરત, અહમદાવાદ, ભાવનગર વિગેરે મોટા મોટા શેહેરોના સંઘ મળીને બંધ કરે તો તે સર્વત્ર પ્રામાણ્ય થઈ જાય. એટલે તે વાત પછી અમને પણ પ્રમાણ થશે કેમકે જે કામ સંઘ મળીને કરે તે અમારે માન્ય છે.

તમોએ લખ્યું છે કે 'પ્રભાવના સચિત્તની કરવી કે અચિત્તની કરવી?' તેના ઉત્તરમાં જણાવવાનું કે—અમારા વાંચવામાં તો બંનેની આવેલ છે તે સંબંધી પાઠ આ નીચે જણાવ્યા છે.

૧ **સેન પ્રશ્નમાં** ચોથા ઉલ્લાસમાં ઉપાધ્યાયશ્રી કૃત પ્રશ્નોના ઉત્તરમાં શ્રીસેનસૂરિજી મહારાજે આ પ્રમાણે લખેલું છે तथा संवत्सरवासरे पूगीफलसहित नाणकप्रभावनयां क्वापि नवेति प्रश्न । उत्तरं पूगीफलसहितां तथा रहितां वा प्रभावनां क्वापि पश्चाद्यांसमनुश्राय सामाचार्यनुसारेण प्रवर्त्तितव्यमिति ॥

२ **श्री धर्म संग्रहमां** वार्षिक कृत्योमां आ रीते लखेल छे. संघार्चा हि उत्कृष्टादि भेदात् त्रिधा, तत्रोत्कृष्टा सर्व परिधापनेन, जघन्या सूत्र मात्रादिना एकद्व्यादेर्वा, शेषा मध्यमा, तत्राधिकव्ययनेऽशक्तोपि प्रतिवर्षं गुरुभ्यो मुखवस्त्रादि मात्रं, द्वित्रादिश्राद्धेभ्यःपूगादीनि दत्त्वा संघार्चा कृत्यं भक्त्या सत्यापयति ॥

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩ **શ્રીધર્મ સંગ્રહમાં** પ્રભાવના અધિકારમાં મોટું ગ્રંથથી પ્રભાવનાનું વર્ણન કરીને ત્યાર પછી લખેલ છે કે-तथा संघस्यापि नालिकेरप्रदानादिरुपा प्रभावना कार्या, शासनप्रभावनाश्च तीर्थकृत्त्वादि फलत्वात् ॥

૪ **શ્રાદ્ધ વિધિમાં** આ પ્રમાણે પાઠ છે-संघार्चा च त्रिधा, उत्कृष्टा मध्यमा जघन्या च, सर्वदर्शन सर्वसंघपरिधापने उत्कृष्टा, सूत्रमात्रादिना जघन्या, शेषा मध्यमा, तत्राधिकं व्ययितुमशक्तोपि गुरुभ्यः सूत्रमुखवस्त्रादिकं, द्वित्रश्राद्धश्राद्धीभ्यः पूगादि च दत्वा प्रतिवर्षं संघार्चाकृत्यं भक्त्या सत्यापयति ॥

૫ **શ્રાદ્ધ વિધિમાં** પ્રભાવના અધિકારમાં આ મુજબ લખેલ છે-तथायथाशक्ति श्रीसंघस्य सबहुमानाकारण, तिलककरण, चंदन जवादि कर्पूर कस्तूर्यादि विलेपन, सुरभि कुसुमार्पणादि भक्त्या नालिकेरादि विविध तांबूल प्रदानादि रूपा प्रभावना कार्या, शासनोन्नते स्तीर्थकृत्त्वादि फलत्वात् ॥

૬ **શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રંથમાં** પણ શ્રાદ્ધવિધિ સદૃશ પાઠ છે-संघार्चा त्रिधा उत्कृष्टा मध्यमा जघन्या च ઇત્યાદિ.

ઉપર પ્રમાણે ઘણે સ્થળે અમારા વાંચવામાં આવેલું છે. તેથી પૂર્વોક્ત કરણીને મિથ્યાત્વની કરણી અમે કહી શકતા નથી.

અમારા લખાણ ઉપરથી કાંઈ દુઃખ લાગે તો અમે ખમાવીએ છીએ. ફક્ત અમારૂં લખવું તમારા લખવા ઉપરથીજ થયું છે.

વિશેષ-તે જન્મ દિવસેજ તોરણ બંધાય છે, થાપા લગાડે છે, કેટલેક જગાએ ગોળપાપડી વેંચાય છે, પારણું બંધાય છે વિગેરે ઘણી રીતીઓ ચાલે છે તેમાં કેટલીક શાસ્ત્રમાં લખેલ જન્મ મહોચ્છવમાં કરેલા કાર્યને અનુસરીને થાય છે અને કેટલીક જુદીજ રીતે થાય છે તેવીજ રીતે આ રીવાજ પણ બદલાઇ ગયો હોય તો જ્ઞાની મહારાજ જાણે. કારણ કે ભગવાનના જન્મ મહોચ્છવના વર્ણનમાં નાળીયેર વિગેરેના તોરણ વિગેરેનું વર્ણન આવે છે. આમાં સત્ય શું છે અને અસત્યત શું છે તે જ્ઞાની મહારાજ જાણે આ બાબત અમારે કાંઇ તકરાર નથી જેમ સર્વ સંઘ માન્ય કરે તેમ અમે પણ માન્ય કરવા તૈયાર છીએ.

સંવત. ૧૯૪૯ ના શ્રાવણ વદિ. ૧૨

**દા. મુની. વલભવિજયના ધર્મલાભ વાંચવા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# संबोधसत्तरी.

અનુસંધાન પૃષ્ટ ૧૩૨ મે થી.

**जहा खरो चंदनभारवाही, भारस्स भागी न हु चंदणस्स ।**
**एवं खु नाणी चरणेण हीणो, नाणस्स भागी न हु सुगइए ॥८१॥**

અર્થ—ચંદનના કાષ્ટ સમુહને વહન કરનાર ગર્દભ જેમ ભાર માત્રને વહન કરનાર છે પણ તે ચંદનના સુગંધને ભોગવતો નથી તેમ ચારિત્ર ધર્મે કરીને હીન—રહીત એવો જ્ઞાની નિશ્ચે જ્ઞાન માત્રનો ભાગી છે પરંતુ સદ્દગતિનો ભાજન થતો નથી. ૮૧.

ભાવાર્થ—ચંદનના કાષ્ટ હો કે બાવળના કાષ્ટ હો—ગમે તે હો પરંતુ તેની કાંઇ ગર્દભને ખબર પડતી નથી. માત્ર તેતો ભારજ ઉપાડી જાણે છે તેમ જેઓ જ્ઞાની છતાં પણ જ્ઞાનના સુગંધરૂપ ચારિત્ર ધર્મનો આરાધન કરતા નથી અર્થાત્ જ્ઞાનવડે કૃત્યાકૃત્યને જાણ્યા છતાં જેઓ કૃત્યને સેવતા નથી અને અકૃત્યનો ત્યાગ કરતા નથી તેમનું જાણવું નકામું છે અર્થાત્ સદ્દગતિ ગમનરૂપ કાર્યને નિષ્પન્ન કરી શકતું નથી. સદ્દગતિ ગમનમાં મુખ્ય કારણ ભૂત પ્રાણાતિપાત=જીવહિંસા, મૃષાવાદ=અસત્ય ભાષણ, અદત્તાદાન=પર દ્રવ્યનું હરણ, મૈથુન=સ્ત્રી સેવન અને પરિગ્રહ=ધન ધાન્યાદિ નવ વિધ પરિગ્રહ ઉપર મુર્છાભાવ, એ પાંચનો ત્યાગ કરવો તે છે. તેથી જેમ જેમ જ્ઞાનપ્રાપ્તિ થતી જાય અર્થાત્ જાણપણું વૃદ્ધિ પામતું જાય તેમ તેમ એ પાંચને યથાશક્ત ત્યાગ કરતાં જવું જોઇએ. એનો દેશ માત્ર ત્યાગ તે દેશવિરતિ ચારિત્ર અને સર્વથા ત્યાગ તે સર્વ વિરતિચારિત્ર કહેવાય છે એ પ્રમાણે ત્યાગ કરવાથી, ચાર કષાયને ઓછા કરવાથી, રાગ દ્વેષની પરણીતીને મંદ કરવાથી તેમજ બીજા પાપસ્થાનોનું પણ નિવારણ કરવાથી સદ્દગતિના ભાજન થવાય છે. માત્ર જ્ઞાની થઇને બેસી રહેવાથી, પાંચે આશ્રવોનું સેવન કરવામાં તત્પર રહેવાથી અને ત્યાગ વૃત્તિનો જરાપણ ન કરવાથી કાંઇ સદ્દગતિના ભાજન થવાતું નથી તેથી એવા એકાંત જ્ઞાનીઓને જ્ઞાન વહન કરવું તે ગર્દભના ભાર વહન તુલ્ય શાસ્ત્રકાર કહે છે.

અહીંયાં એકાંત ક્રીયાની પુષ્ટી છે એમ સમજવાનું નથી પરંતુ ક્રીયા સંયુક્ત જ્ઞાનનું બહુ માન છે અને ક્રિયા વિહીન જ્ઞાનની નિષ્ફળતા છે એમ સમજવું.

હવે એવા ક્રીયા યુક્ત તત્પર જ્ઞાનીઓ સ્ત્રી સંગમાં અનેક પ્રકારના જીવ હિંસાદિક દોષ દેખીને તેનો ત્યાગ કરે છે. તે દોષનું વર્ણન શાસ્ત્રકારે નીચે પ્રમાણે આપેલું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**तहिं पंचिंदिआ जीवा, इत्थी जोणी निवासिणो ।**
**मणुआणं नवलक्खा, सव्वे पासइ केवली ॥ ८२ ॥**

અર્થ-તે સ્ત્રીની યોનીના નિવાસી એવા નવ લક્ષ પંચેંદ્રીય મનુષ્યો છે તે સર્વે કેવળજ્ઞાની જોઇ શકે છે. ૮૨.

ભાવાર્થ-સ્ત્રીની યોનીને વિષે નિરંતર સ્ત્રીત્વપણાથકી નવ લક્ષ પંચેંદ્રી સુક્ષ્મ મનુષ્યની ઉત્પત્તિ કહેલી છે પરંતુ તે ચર્મ ચક્ષુગોચર નથી. કેવળજ્ઞાનીજ જોઇ શકે તેમ છે.

**इत्थीणं जोणिसु, हवंति बेइंदियाय जे जीवा ।**
**इक्को य दुन्नि तिन्निवि, लक्ख पुहुत्तं तु उक्कोसं ॥ ८३ ॥**

અર્થ-સ્ત્રીની યોનીને વિષે બેઇંદ્રીય જીવો જે છે તેની સંખ્યા શાસ્ત્રકારે એક, બે, ત્રણ અથવા ઉત્કૃષ્ટ લક્ષ પૃથકત્વ કહેલી છે. ૮૩.

ભાવાર્થ-સ્ત્રીની યોનીનાં સુક્ષ્મ મનુષ્ય ઉપરાંત બેઇંદ્રીય જીવોની ઉત્પત્તિ પણ શાસ્ત્રકારે કહેલી છે. તેની સંખ્યા પણ ઉત્કૃષ્ટ લક્ષ પૃથકત્વ એટલે બે લાખથી નવ લાખ પર્યંત કહેલી છે.

**पुरिसेण सह गयाए, तेसिं जीवाणं होइ उद्दवणं ।**
**वेणुअ दिट्ठंतेणं, तत्ताइ सिलाग नाएणं ॥ ८४ ॥**

અર્થ—પુરૂષની સંગાતે સ્ત્રીનો યોગ થવાથી તે પૂર્વોક્ત જીવોનો નાશ થાય છે. તપાવેલી સલાકા દાખલ કરેલી ભુંગળીના દ્રષ્ટાંતે કરીને.

ભાવાર્થ—વાંસની ભુંગળીમાં રૂ ઠાંસીને ભર્યું હોય તેમાં તપાવીને લાલચોળ કરેલા લોઢાના સળીઆને નાખવાથી જેમ ચારે બાજુથી રૂ બળીને ભસ્મ થઈ જાય તેમ સ્ત્રીને પુરૂષનો સમાગમ થવાથી સ્ત્રીના ગુહ્યસ્થાનમાં રહેલા પૂર્વોક્ત જીવોનો તત્કાળ વિનાશ થાય છે. ૮૪.

**इत्थीण जोणिमज्झे, गब्भगयाइ हवंति जे जीवा ।**
**उप्पज्जंति चयंति य, समुच्छिम असंखया भणिया ॥८५॥**

અર્થ—સ્ત્રીની યોનિને વિષે ગર્ભગત જે જીવો છે તે ઉપજે છે અને ચવે છે તથા સમુર્છિમ જીવો પણ અસંખ્ય કહ્યા છે. ૮૫.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવાર્થ—સ્ત્રીની યોનીને વિષે ગર્ભજ જીવોની ઉત્પત્તિ કહી છે તે તો પુરૂષના સંયોગે ઉપજે છે અને પછી ચવી જાય છે તે શિવાય નિરંતર અસંખ્ય સમુર્છિમ જીવોનો તો તેમાં સદ્ભાવજ છે. ૮૫.

मेहुणसन्नारूढो, नवलख्ख हणेइ सुहुम्म जीवाणं ।
तीथ्थयरेणं भणियं, सद्दहियव्वं पयत्तेणं ॥ ८६ ॥

અર્થ—મૈથુન સંજ્ઞાને વિષે આરૂઢ થયેલ મનુષ્ય નવ લાખ સુક્ષ્મ જીવોને હણે છે એ પ્રમાણે તીર્થંકરે કહ્યું છે તેથી તે પ્રયત્ને કરીને સદ્દહવું. ૮૬

ભાવાર્થ—સ્ત્રી પુરૂષનું જોડવું તે મિથુન–તેનું કર્મ તે મૈથુન–તે સંબંધી સંજ્ઞા તે મૈથુન સંજ્ઞા. તેને વિષે આરૂઢ થયેલો–એટલે અબ્રહ્મ સેવાને વિષે તત્પર થયેલ પુરૂષ નવ લક્ષ સુક્ષ્મ જીવોને એટલે કેવળી જાણી શકે એવા જીવોને હણે છે એમ શ્રી તીર્થંકર ભગવંતે પોતે કહ્યું છે એ સુક્ષ્મ જીવો ગર્ભજ સમજવા કારણ કે મૈથુન સેવતાં યાવત્ નવ લક્ષ, ગર્ભજ જીવોની ઉત્પત્તિ શાસ્ત્રકારે કહેલી છે. સમુર્છિમ મનુષ્યની ઊત્પત્તિ તો અસંખ્ય જીવોની કહેલી છે તે ગાથા આ પ્રમાણે છે.

असंख्ख इथ्थी नर मेहुणाओ, मुच्छंति पंचिंदिय माणुसाओ ।
नीसेस अंगाण विभत्ति चंगे, भणइ जीणो पन्नवणा उवंगे ॥८७॥

અર્થ—સ્ત્રી અને પુરૂષના મૈથુનથી અસંખ્યાતા સમુર્છિમ પંચેંદ્રી મનુષ્ય ઊત્પન્ન થાય છે. એ પ્રમાણે સમસ્ત જે અંગો તેને વિષે જીવા જીવાદિકના વિવરણવડે મનોહર એવા પન્નવણા ઉપાંગને વિષે શ્રી જિનેશ્વર ભગવંતે કહ્યું છે. ૮૭

ભાવાર્થ—જીવ અને અજીવનો વિચાર વિશેષ પ્રકારે શ્રીપન્નવણા સૂત્રને વિષે છે તેમાં સમુર્છિમ મનુષ્યની ઊત્પત્તિ જે ચૌદ સ્થાનકમાં બતાવેલી છે તેને વિષે સ્ત્રી પુરૂષને સંયોગે એની ઉત્પત્તિ બતાવેલી છે.

ઉપર પ્રમાણેની છ ગાથા સ્ત્રી પુરૂષના સંયોગથી થતી જીવ હિંસાના સંબંધની જુદા જુદા સૂત્રમાંથી ઉદ્ધરીને આ પ્રકરણમાં દાખલ કરેલી છે તેથી તેમાં કેટલીક વાતનું પુનરાવર્તન થયેલું છે પરંતુ ટુંકામાંજ એટલું સમજવાનું છે કે મૈથુન સેવા કરવાથી ઉત્કૃષ્ટ નવ લક્ષ ગર્ભજ જીવો, અસંખ્ય સમુર્છિમ પંચેંદ્રી મનુષ્ય તથા લક્ષ પૃથકત્વ બે ઇંદ્રી જીવોનો વિ-

For Private And Personal Use Only

નાશ થાય છે માટે ઉત્તમ પુરૂષોએ સ્ત્રી સમાગમનો સર્વથા ત્યાગ કરવો. તેમ ન બની શકે તો સ્વસ્ત્રીમાં સંતોષ રાખીને સ્ત્રી શેવન કરવાનું પ્રમાણ કરવું. અને ત્યાગ કરવાના ખપી રહેવું. જેમ અનુક્રમે સર્વથા ત્યાગ કરવાનું પણ બની આવશે

અહીં સુક્ષ્મ જીવોની ઊત્પત્તિનો પ્રસંગ હોવાથી બીજે સ્થાનકે પણ જ્યાં જ્યાં—જે જે વસ્તુમાં તેની ઊત્પત્તિ છે તે બતાવવા શાસ્ત્રકાર કહે છે.

**मज्जे महुंमि मंसंमि, नवणीयंमि चउत्थए ।**
**उपज्जंति असंखा, तव्वन्ना तत्थ जंतुणो ॥ ८८ ॥**

અર્થ—મદિરામાં, મધમાં, માંસમાં અને ચોથા માખણમાં તદ્દવર્ણ અસંખ્ય જંતુઓ, ઉત્પન્ન થાય છે. "

ભાવાર્થ—મદિરા, મધ, માંસ અને માખણ એ ચારે મહાવિગય કહેવાય છે તેને વિષે તેની સરખાજ વર્ણવાળા અસંખ્ય જીવોની ઉત્પત્તિ છે એમ હોવાથી ચર્મચક્ષુઓ તે દેખી શકતા નથી. તેથી તે ચારે વસ્તુ શ્રાવકોને સર્વથા ત્યાજ્ય છે. કેમકે તેના ભક્ષણથી અસંખ્ય જીવોનો વિનાશ થાય છે અને તે સિવાય મદિરામાં તો સ્મૃતિ ભ્રંશાદિક અનેક દોષોનો સંભવ છે. માંસને વિષે તો એ સર્વ કરતાં વિશેષ જીવોનો સદ્ભાવ છે તેમજ હૃદયની કઠોરતા, નિર્દયતા વિગેરે પણ બહુ દોષોનો સંભવ છે. માંસને વિષે વિશેષ જીવોનો સંભવ દર્શાવવા કહ્યું છે કે

**आमासु अ पक्कासु अ, विपच्चमाणासु मंसपेसीसु ।**
**सययं चिय उववाओ, भणिओ अ निगोअ जीवाणं ॥८९॥**

અર્થ—કાચામાં, પાકામાં અને પચવાતી એવી માંસની પેસીમાં સદા નિરંતર નિગોદ જીવોનો ઉપપાત કહેલો છે. ૮૯.

ભાવાર્થ—માંસમાં એટલી બધી સ્નિગ્ધતા છે કે તેને રાંધ્યા પછી તેમાં નિરંતર નિગોદ જીવોની ઉત્પતિ થયા કરે છે તે સુચવવા માટે આ ગાથામાં કહ્યું છે કે કાચા માંસમાં, પકવેલા—પાકા માંસમાં અને રંધાતા એવા માંસમાં પણ નિરંતર નિગોદિયા જીવોની—અનંત જીવોની ઊત્પત્તિ થયા કરે છે. વળી અગ્નિ બાળતા છતા પણ તેમાં રહેલા સર્વ જીવોનો વિનાશ થાત એમ નથી. પરંતુ ઉત્પત્તિ અને વિનાશ નિરંતરપણે થયાજ કરે છે. આ કારણથી તે સર્વથા ત્યાજ્ય છે ૮૯

( અપૂર્ણ. )

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## જૈન વર્ગના આગેવાનોને ખાસ સૂચના.

અમારા ગયા અંક ઉપરથી સર્વે જૈન બંધુઓના લક્ષમાં આવ્યું હશે કે "આવતા ફાલ્ગુન માસમાં શ્રી અમદાવાદમાં શેઠ. આણંદજી કલ્યાણજીના સ્થાનીક પ્રતિનિધિ સાહેબોની મીટીંગ મળનાર છે અને તે પ્રસંગે જૈન વર્ગના આગેવાન ગ્રહસ્થોને મુખ્ય મુખ્ય શેહેરોમાં આમંત્રણ થવાનું છે." પોતાની ફરજને અનુસરીને જ્યારે અમદાવાદ માંહેના આપણા શેઠીઆઓ વહીવટ કરનાર પ્રતિનિધિ હોદ્દેને આમંત્રણ કરવા તસ્દી લેય ત્યારે સઘળા સ્થાનીક પ્રતિનિધીઓએ તેમજ જે જે બીજા ગ્રહસ્થોને આમંત્રણ થાય તેમણે ઠરાવેલી મુદતે જરૂર અમદાવાદ જવા તસ્દી લેવી જોઇએ. આ વખત આળસ કરવું તે લગ્ન વેળા ઊંઘમાં કાઢવા જેવું છે કેમકે પ્રથમ તો બાર વર્ષે સર્વે પ્રતિનિધિ સાહેબોને ભેળા થવાનો વખત આવ્યો છે તો બાર વર્ષે એક વાર પણ એટલી મોટી મુદતની અંદર ચાલેલા કામ કાજની માહીતી મેળવવી જોઇએ અને પોતાના લક્ષમાં આવે તેવા સુધારા વધારા કરવાનું બતાવવું જોઇએ. આ શિવાય બીજો એક મહત્વતા ભરેલો લાભ એ થવાનો છે કે ચારે બાજુથી જૈન કોન્ફ્રેસ મેળવવાની સૂચનાપર સૂચના થયા કરે છે તેની ગરજ આવી સર્વ સ્થળના આગેવાન ગ્રહસ્થોની મળેલી સભા સારશે અને શેઠ આણંદજી કલ્યાણજીના વહીવટ સંબંધી કાર્ય ખલાસ થયા પછી જૈન સમુદાયના હિત સંબંધી તેમજ બીજા અનેક તીર્થોના વહીવટ સંબંધી, જીર્ણોદ્ધાર સંબંધી, જ્ઞાન ભંડાર સંબંધી, કેળવણીના ઉત્તેજન સંબંધી, નિરાશ્રીતોને આશ્રય આપવા સંબંધી વિગેરે અનેક બાબતોના વિચાર બહુજ શાંત રીતે અને દીર્ઘ દ્રષ્ટી પૂર્વક એક બે દિવસ મીટીંગ ભરીને કરવાનું બની શકશે. એક વખત આવી રીતે મળ્યા પછી ફરીને ક્યાં, ક્યારે અને કેવી રીતે મળવું તેનો પણ નિશ્ચય થશે. માટે અમારી સુચના માન્ય કરીને જેમને આમંત્રણ આવે તે ગ્રહસ્થોએ જરૂર અમદાવાદ જવા તૈયાર રહેવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સૂગના સાથે જાવાળુના રખોપાની ટીપ ન થઇ હોય તે ગામવાળાઓ કરવા અને અધુરી હોય તેજ પુરી કરવા તેમજ થયેલ રૂપીઆ શેઠ આણંદજી કલ્યાણજીને મોકલાવવા સૂચવીએ છીએ. જીવ દયાનો લાગો ઉઘરાવી મોકલવા સંબંધી પણ યાદ આપવા ચુકતા નથી.

---

## વર્ત્તમાન સમાચાર.

# श्री वीकानेरमा महोच्छव.

"मारवाडमें कल्पवृक्षसो इसका नाम."

विदित होके श्री वीकानेरमें भांडासाहके नामसें विख्यात श्री सुमतिनाथजीका मंदिरमें श्री संघ तरफसें आगेवान होकर पुनमचंदजी साणसुखाने श्री समवसरणजीकी रचना करवाइ उसका लेममात्र हाल निम्नस्थानपर जाहेर करता हुं. प्रथम चित्र विचित्र वेदिकाके उपर तिन घढ तथा पिठिकाकी रचना शास्त्रोक्त समवसरणकी नकलपर काच जडित सुशोभित वनीथी ओर पिठिकाके उपर चैत्यवृक्षकी रचना ऐसीथी के मानुसाक्षात् निल रत्नमय पत्रादिकिकि आभायुक्त फल फुलसें फुल्या हुवा कल्पवृक्षकी तुल्यना कर रहीथी इस्सें देखनेवालेकुं ऐसा आनंद आता था के मानु "मारवाडमें कल्पवृक्षका उदय हुवा." उसी वृक्षतके निचे सुशोभित परपदाके रुप तथा मृगेंद्रासन सहित श्री वीर प्रभुजीकी पाषाणमय पंचपरमेष्टि मूर्ति घणीज शांताकार आसो सुदि १३ के रोज वरघोडा चढायके ठाटसें पूर्व दिशा सन्मुख विराजमान करनेमें आइ तेमेही तिन दिशामें तिन मूर्ति पधराइ गइ. तब तो ऐसी शोभा दिख पडिके अन्य दर्शनी जो चतुर्मुख ब्रह्मा कहतेहैं

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सो श्री समवसरणमें बैठके देशना देते हुवे सर्वज्ञ भगवंतकी नक-
लकुं हि लेकर कहतेहें यह बात सिद्ध हो गइ. उस बाद समव-
रणजीके तिनु गढमें बिल्लोर तथा चिनाइ तथा कांचके सोनेरी
गवाक्षे प्याले तथा सीसीयां विगेरे अनेक चीजोंसे नाना प्रका-
रके फुल संयुक्त रखे गये थे तथा सोपनीयां दिवालीकी तरें दीप
रहीथी. आगे आठ दिनका अठाइ महोत्सव निमित्त पुजा तथा
प्रभुकी आंगीकी रचना नाना प्रकारकी बनती थी. जिसमें इत-
ना विशेष हे के शरद पुनमके रोज पुनमचंदजी सांवसुखा तर-
फसें विजयानंद सूरीश्वर जो के श्री आत्मारामजी महाराजके
नामसें प्रसिध्ध हे उनोकी बनाइ हुइ नव पदजी महाराजकी पूजा
खुब ठाठसें पढाइ गइ. कारणके उस दीन आंबीलकी ओली सं-
पूर्णताकुं प्राप्त होतीहे. और नवपदजी महाराजकी आराधना क-
रनेका पर्व हे. इस वास्ते नवपदजीका मंडलमें प्रथम अरिहंत पद-
की स्थापना सच्चे मोतिसें रची गइथी बाकीके आठ पदमें यथा-
योग्य रत्न तथा सोना रुपाके फुल स्थापन करनेमें आयेथे एसा
समवसरणकी रचना देखनेको सब परगामके हजारों श्रावक श्रा-
विका आते रहते थे तथा कहेना पडता हे के ओसवाल
वगेरे प्रमुख अनेक लोकके टोलेके टोले रात दिन आते रहे
इतनाहि नहि किंतु ढुंढक श्रावकोने आप लाभ लिया हे. तथा ढ़-
ढकपंथी ढुंढणीने समवसरणजी पास मंदरमें बैठके पुजन अर्चन
हुआ हे. तथा जलयात्राका वरघोडा पंचमीसें नवमी तक सब स्थ-
वंतकी पालखीके पीछे चली आइथी. यह जलयात्राका वरघोडा
अठाइ महोत्सव बाद पारवाडि कार्ति वदि ७ के रोज बडे ठाठसे
नी नवाबकी निकल्याथा इसमें जोधपुरके तथा बाहारके श्रावको
अपनी गायन कलाकी खुबी तथा भगवंतकी भक्ति खुब दिखलाइ